# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૧ • તા.૨૮ ઓક્ટોબર થી ૩ નવેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## મેડિકલ સમિતિની અદ્ભૂત સંજીવની યોજનાની વિશિષ્ટતા જેમાં

KDO SANJIVANI

## અરજદારોને તાત્કાલિક સહાય મળી જાય છે

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**ચંદ્રેશ વિરચંદ છેડા**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email : gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પારકી નિંદા સૌને ગમે

કહેવાય છે કે માણસની સાચી પ્રશંસા તેના મરણ બાદ જ સૌ કરે છે. તે જીવતો હોય છે ત્યારે તેના મોઢે સારી વાતો કરનાર તેની પીઠ પાછળ બદબોઈ કરતો હોય છે. આ માનવ માત્રનો સ્વભાવ છે. બે વ્યક્તિઓ ત્રીજા વ્યક્તિની વાત કરે છે અને ત્રણ વ્યક્તિ ચોથાની. જ્યારે કોઈ કોઈની પ્રશંસા કરે છે ત્યારે જેની માટે પ્રશંસા થતી હોય છે એના સિવાય ભાગ્યે જ કોઈને એમાં રસ હોય છે. સાંભળનાર બધા અંદરો અંદર મનોમન પોતાના વિચાર મમળાવી સૌ રસપૂર્વક વાત સાંભળી હોય તેમ માથું ધુંણાવતા હોય છે. જાણે એ વાતમાં તેઓ સંમત છે. આ બે મોઢાળી ચાલ સૌનો સ્વભાવ છે. બીજાના ગુણ ગાવા કરતાં અવગુણ ગાવામાં અન્યોને આનંદ આવે છે. ગેરહાજર વ્યક્તિની નિંદા કરવી, તેની બદબોઈ કરવી ઘણાંની મનગમતી પ્રવૃત્તિ હોય છે.

બહુધા લોકો નિંદા કરવામાં ભારે કુશળ હોય છે. એક પાસેથી બીજાની સાંભળેલી વાત ત્રીજાને વધુ રસપ્રદ રીતે, વધારીને, અમુક વાતો વિશેષણ પોતાના ઉમેરીને કરવામાં મોજ પડતી હોય છે. આ કુટેવ છે. જે સ્વ અહંમને પોષે છે. બીજાનું ઘસાતું બોલીને પોતાની બડાઈ હાંકી લેતા હોય છે. અન્યને નીચા પાડી પોતાને ઊંચા સ્થાને બેસાડે છે. નિંદા રસ એવો સ્વાદિષ્ટ છે કે ગમે તેટલો ગળે ઉતરે પણ કોઈને સંતોષ થતો નથી. આનાથી કોઈને તૃપ્તિ થતી નથી. એટલે જાત ભાતના પોતાના મંતવ્ય, અભિપ્રાય અને ઉમેરા કરીને બત્રીસ ભોજનના થાળ પીરસતા હોય એમ પીરસે છે. જેની પાસે બીજાની નિંદા કરીએ છીએ એ આપણી ગેરહાજરીમાં આપણી પોતાની નિંદા કરશે એની કોઈ ગેરંટી કોઈ આપી શકે નહીં.

નિંદાનું એક અમોઘ અને અનોખું શાસ્ત્ર છે. તે ગ્રંથમાં સંગ્રહાયેલું નથી પણ અન્ય વ્યક્તિઓની મનોગ્રંથિમાં સંઘરાયેલું જરૂર હોય છે. આ ગ્રંથિ એવી છે કે જે ગેરહાજર હોય, એની મોજુદગી ન હોય ત્યારે જ મોકળી થાય છે, ખુલ્લી જાય છે. જે પછી આસાનીથી બંધ થતી નથી. નિંદા કરવાનો ભાવ કે હેતુ એટલો જ હોય છે કે અન્યથી આપણે હોંશિયાર છીએ, ચડિયાતા છીએ, શાણાને સમજદાર છીએ એ સાબિત કરવાનો. જે કોઈ પણ અસ્ત્ર શસ્ત્ર વાપર્યા વગર શારીરિક બળના ઉપયોગ વગર માત્ર જીભડી ચલાવીને આપણે આપણો અહંમ પોષી લઈએ છીએ. બીજાનાં છિદ્રો શોધીને અન્યો પાસે ખૂલ્લાં મૂકી દઈએ છીએ. તો આપણાં પણ બાકોરાં અન્યો માટે ઉઘાડા મૂકી દઈએ છીએ એનો ખ્યાલ આપણને સહજે હોતો નથી.

આપણાથી સશક્ત, સબળ અને આપણાથી સમૃધ્ધ હોય તેની વિષે હલકી વાતો કરવાનું આપણને ગમે છે. કારણ કે એનાથી આપણો ઈગો સંતોષાય છે કે તેની સામે બદલો લઈ લીધો. પણ જે આપણાથી નબળો હોય, નાનો હોય, તેને વધુ નીચો પાડવો આપણને ગમતો નથી. એવી સ્વભાવથી ગરીબ લાચાર અને અશક્ત વ્યક્તિ વિષેના વખાણ તો શું ટીકા કરવી પણ ગમતી નથી. આવી વ્યક્તિઓ વિષે ટિપ્પણી કરવા પણ આપણે તૈયાર થતા નથી.

કોઈની સામે છાતીએ પડકાર નથી કરી શકતા એની પાછળ એના દોષ ગણવા આપણી મનપસંદ પ્રવૃત્તિ રસદાયક વૃત્તિ છે. કારણ તે, પારકાના ગુણ, વખાણ કે તેની સિધ્ધિઓની વાત આપણે સાંભળી શકતા નથી એટલે એના વિષે ખોટી વાતો, એની નિંદા કરવી આપણને ગમે છે.

– જય જ્ઞાતિમૈયા

# પરિવારને એક કડીમાં જોડી રાખે છે સ્ત્રી

અગાઉના સમયમાં સ્ત્રી ઓછું શિક્ષણ લેતી. કુમળી વયે લગ્નની બેડીમાં બંધાઈ નવા પરિવારમાં આવતી. સાસરા પક્ષના વડીલોની આમન્યા જાળવવા ઘૂંઘટની આડમાં રહેતી. ઘરમાં રહેવાના બંધનને કારણે જાણે પિંજરામાં કેદ પક્ષી જેવું તેનું જીવન રહેતું હતું. તે છતાં ઘર કામનો બોજો, પરિવારના વ્યવહાર નિભાવવાની જવાબદારી ઘરના વડીલોની આમન્યા-માન જળવાય એની મર્યાદાનું બંધન, એક કરતાં વધુ બાળકોની પરવરીશ કરવાની ફરજ અને સંયુક્ત કુટુંબના નાના મોટાઓ સાથે સુમેળપૂર્વક રહેવાની પરંપરા જાળવવાની ચિંતા, કાળજી છતાં તે આ ફરજો નિભાવવા કોઈ કસર છોડતી નથી. આ તેની ખાસિયત કહો કે જન્મ જાત ગુણધર્મ કહો.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દિવસો વર્ષો વીત્યાં આ જ ફરજ તે આજના સમયમાં તે બખૂબીથી નિભાવે છે. નારી એટલે શક્તિનો સાગર એ સંસ્કૃતિની શોભા છે. તેને લીધે પરિવાર સમાજની ગરિમા છે. સ્ત્રી કુટુંબના દરેક સભ્યને સહજતાથી પોતાના કરી શકે છે. પિયરમાં રહેતા માતા-પિતા, ભાઈ-બહેન, ભાભી, કાકા-કાકી, ભત્રીજાઓને સ્નેહ સંબંધથી પ્રેમને ઋજુતાથી સરસ રીતે સાંકળેલા રાખે છે. વિદ્યાર્થી અવસ્થામાં શાળા કોલેજના મિત્રો, સખીઓ, શિક્ષકો-ગુરૂઓને વિવેકપૂર્ણ રીતે આદર માન આપે છે. પડોશના પરિવારો સાથે સંબંધ જાળવવાની કાળજી રાખી તે ફરજ પૂર્ણ કરે છે.

પિતાગૃહના સંસ્કારમાં રંગાઈ લિપ્ત થઈ, ફરજ નિભાવી એનાથી મોટી ફરજ નિભાવવા પતિગૃહે જઈ તદ્દન પરિચિત નથી એવા તમામ સભ્યોને પોતાના બનાવવાની કુશળતા આ નારી શક્તિમાં છે. સાસુ, જેઠાણી, નણંદ સાથે સુમેળતાથી સંબંધ જાળવી સસરા જેઠ અને પતિને માન સન્માન આપી ગરિમા જાળવે છે. સાસરિયામાં એક રાગ થવાની તાકત માત્ર નારીમાં છે. જે દરેક નાના મોટા સભ્યના રાગ સ્વભાવને સાચવી ગૃહસ્થ જીવનમાં સુવાસ ફેલાવે છે. આજની નારી ગૃહસ્થ જીવન સાથે વ્યવસાયલક્ષી સેવા જોડાયેલી હોવા છતાં ઘરની સાથે સંતાનની કાળજી તેનો ઉછેર સાથે સાથ વ્યવસાય કે જોબને પણ યોગ્ય ન્યાય આપે છે. તેની આ ફરજ તંગ દોર પર બેલેન્સ જાળવણી જેવી હોય છે. કુદરતે નારીને ભરપૂર શક્તિ પ્રદાન કરી છે. એટલે જ કહેવાયું છે કે જે કર ઝૂલાવે પારણું તે જગપર શાસન કરે. આ પંક્તિમાં સ્ત્રી એટલે માતાની અનન્ય મહતા દર્શાવી દીધી છે. જેટલાં કોમળ હાથોથી તે સંતાનને ઉછેરે છે એ કઠોર બનીને શાસન કરવાને કાબેલ છે. સ્ત્રી કદી રાંક નથી કે ગરીબડી નથી. તેના નમ્રતામાં શાંતિનો સંદેશ છે તો ઉગ્રતામાં બળબળતી જવાળાનો તેજ છે. ધીરજ અને ખંતના ગુણ તેની શક્તિ છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# મેડિકલ સમિતિની અદ્ભૂત સંજીવની યોજનાની વિશિષ્ટતા જેમાં અરજદારોને તાત્કાલિક સહાય મળી જાય છે

આકસ્મિક સંજોગાંવશાત આવતી બીમારીઓમાં સારવાર મેળવી આરોગ્ય મેળવવું નાના અને નબળા પરિવારો માટે કપરા સંજોગો સર્જે છે. વધતી જતી મોંઘવારીને લીધે મેડિકલ અને હોસ્પિટલના ખર્ચે ભાવ આસમાનને આંબે છે. તો વધતી ઉંમરને કારણે વિવિધ રોગો ઉપરાંત અણધારી આફતની જેમ ત્રાટકતા રોગો અને તે માટે કરાતા ઈલાજ, સારવાર અને ઓપરેશન સામાન્ય સ્થિતિના લોકોની માટે પહોંચ બહારના થઈ ગયા છે. સારી, સુઘડ અને મોર્ડન ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલો, અનુભવી ડોક્ટરોનો યોગ્ય માર્ગદર્શન જો મળે તો મનમાં રાહત રહે કે હવે સાચી સારવાર મળશે અને જલ્દી સ્વસ્થ થઈ પૂર્વવત કામકાજ વ્યવહાર જોડાઈ જવાશે.

ઓંચિતી આવતી બિમારીને લીધે પરિવારમાં સૌ ચિંતીત થઈ જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાંથી જ્ઞાતિજનોને ઉગારવા શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ મેડિકલ સંજીવની સમિતિ દ્વારા રકમ જ્ઞાતિજનોને શ્રેષ્ઠ સારવાર કરવા ચપટી વગાડવા જેટલા સમય દરમ્યાન અપાય છે.

હાલમાં ઉકેલાયેલ કેસ નં.૧૧૯ ૯૩ વર્ષીય જીવદયા પ્રેમી પરગજુ જ્ઞાતિ વડીલ ભવાનજીભાઈ એલ.ભાટે નાગડા પેટમાં તીવ્ર દુઃખાવાને લીધે તાત્કાલિક હોસ્પિટલાઈઝ કરવા પડયા હતા. પરિવાર દ્વારા મેડિકલ સમિતિ સમક્ષ રૂા.૧.૨૭ લાખની સહાય માટે અરજી મૂકી હતી. જે ગણત્રીના સમયમાં જોઈતી રકમ ક્રાઉડ ફંડિગ દ્વારા જમા થઈ જતાં તાત્કાલિક હોસ્પિટલમાં ચૂકવી દેવાયા.

આ તો હાલનો કિસ્સો છે. આ રીતે આજ સુધી દરેક સહાય અરજીની મદદ માત્ર જૂજ સમય દરમ્યાન કરાઈ છે. સ્પેશ્યિલિસ્ટ ડોક્ટરો, અદ્યતન હોસ્પિટલમાં સુયોગ્ય સારવાર જ્ઞાતિજનો મેળવીને જલદી સ્વસ્થ થાય એ માટે મેડિકલ સમિતિના ચેરમેન, વાઈસ ચેરમેન, સેક્રેટરી, ટ્રેઝરર, કન્વીનર અને સભ્યો સુયોગ્ય રીતે કાર્યરત છે અને જ્ઞાતિજનોની માટે વરદાન રૂપ કાર્ય ઉદારદિલ દાતાઓના સહયોગથી કરે છે.

---

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની કેસ નં.૧૧૯ની જરૂરિયાત રૂા.૧.૨૭ લાખ ટૂંકા સમય ગાળામાં પૂરી થઈ





૯૩ વર્ષીય જખૌ-અમલનેર (મહારાષ્ટ્ર)ના ભવાનજીભાઈ એલ. ભાટે નાગડાને થોડા દિવસો પહેલા પેટમાં તીવ્ર દુઃખાવા અને ગંભીર એનિમિયાની તકલીફને લીધે હોસ્પિટલમાં એડમીટ કરાયા હતા. બ્લડ ટ્રાન્સફ્યુઝન અને મેડિકલ ટ્રીટમેન્ટ માટે રૂા.૧.૨૭ નો અંદાજિત ખર્ચ ડોક્ટરો દ્વારા અપાયો હતો.

કોઈ વીમાનો કવચ નહીં, ન કોઈ બચત અને ન કોઈ કમાણીનો સીધો સ્ત્રોત. તેઓ તેમના અપરિણીત સંતાનો સાથે રહે છે. તેઓ જીવદયા પ્રેમી છે. ગાયો કતલખાનાથી બચાવી અને નાના મોટા ઘાયલ પ્રાણીઓની સેવા સંભાળ માટે સમર્પિત રહ્યાં છે. તેઓ પ્રાણી પ્રેમીઓ તરફથી મળેલ મદદથી પોતાનો ખર્ચ મેનેજ કરે છે. આ કપરી પરિસ્થિતિથી બચવા તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની આધારપૂર્ણ યોજના સંજીવની યોજનામાંથી મદદ માટે અરજી કરી હતી.

દેવયોગ અને ઉદાર દિલ જ્ઞાતિ દાતાઓની મહત્વપૂર્ણ મદદને લીધે કાઉડ ફંડિંગ માટે મૂકાયેલ સદર કેસ નં.૧૧૯ની રૂા.૧.૨૭ લાખ માટેની ટહેલ ટૂંકા સમયમાં પૂર્ણ થઈ જતાં આ કેસ બંધ કરાયો છે.

જીવદયા પ્રેમી અને સેવાભાવી, પરગજુ સ્વભાવના જ્ઞાતિ વડીલ મોટી ઉંમર છતાં પરોપકાર ધરાવી અબોલ જીવો પ્રત્યે કાળજી ધરાવે છે એ કાબિલ દાદ છે. વડીલ શ્રી સત્વરે સારવાર લઈ સ્વઘરે સ્વસ્થ થઈ ઘરે જાય એવી શુભેચ્છા આપીએ.

# સંજીવની કેસ નં.૧૨૦ માટે રૂા.૩ લાખ જમા કરવાનો પડકાર ઊઠાવીએ




બાયઠ-જલગામના ૬૪ વર્ષીય મલયકાંત શિવજી પોલડીયાને છાતીમાં તીવ્ર દુઃખાવાને લીધે તાત્કાલિક હોસ્પિટલમાં ભરતી કરાયા છે અને તેમની એન્જીયોપ્લાસ્ટીની તાત્કાલિક જરૂરિયાત છે. પરિવારની મર્યાદિત આવક છે. પુત્ર જે ન્યુનતમ વેતન કમાતો પરિવારનો એક માત્ર સભ્ય છે. મલયકાંતભાઈને સારવાર ઈલાજ માટે રૂા.૩ લાખનો અંદાજિત ખર્ચ અપાયો છે. જે તેમને ચિંતાજનક પરિસ્થિતિમાં ધકેલી દીધા છે. એમના કપરા સમયમાં તેમના હામી બની હમદર્દ થઈ આપણી ઉમદા ફરજ બજાવીએ અને તેમને સારવાર જલ્દી મળે અને ઈલાજ કરાવી જલ્દી સ્વસ્થતા મેળવી તેઓ સ્વઘરે પરત ફરે એવું ઈચ્છીએ.

સંજીવની યોજના માટે અપાયેલ મદદ રકમ દાનને માટે કર લાભ મેળવવા દાતાએ આધાર તથા પૅનની કોપી સબમીટ કરવી જરૂરી છે.

# થાણા ક.દ.ઓ.જૈન સંઘમાં શ્રી મહાકાલિ માતાજીની ભક્તિ ભાવના કરાઈ





તા.૧૫ ઓક્ટોબર રવિવારના દિને શ્રી ક.દ.ઓ.જૈન સંઘના આંગણે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય, ગૌતમ ટાવર સંકુલ, પાંચપાખાડી જૂના આરાધના સિનેમા સામે, થાણા મધે અચલગચ્છાધિષ્ઠિયિકા શ્રી મહાકાલિ માતાજીની ભક્તિ ભાવના ધર્મ ભાવ સાથે કરાઈ. શ્રધ્ધાળુ ભાવિક ભાઈ-બહેનો મોટી સંખ્યા ઉપસ્થિત રહી ધર્મ લાભ લીધો હતો.

ભક્તિ ભાવના આયોજનના સૌજન્ય દાતા અ.સૌ.પુષ્પાબેન પ્રવીણ માણેકજી લોડાયા પરિવાર તથા શ્રી ક.દ.ઓ.મહિલા કિટ્ટી ગ્રુપ થાણા.

## કેડીઓ વેલફેર એસોસિએશન ની સામાજિક સુરક્ષા યોજના ૨૦૨૩

**પાત્રતા :** ૫ થી ૫૦ વર્ષની વયનાં કોઈપણ કેડીઓ જેમનું નામ કેડીઓવીપી એપમાં નોંધાયેલું છે.

**યોગદાન :** એક વખત-રૂ.૨,000/- માત્ર. ફોર્મ માં આપેલ બેંક એકાઉન્ટ વિગતો પ્રમાણે ડાયરેક્ટ/ઓનલાઈન ભરવું.

**જરૂરીયાતો :** ● નિયત કરેલ એક પેજનું ફોર્મ યોગ્ય રીતે ભરેલું ● નાનો કલર સેલ્ફ ફોટો ફોર્મમાં ચીપકાવવો ● સંપૂર્ણ જન્મ તારીખ સાથે પાન કાર્ડ અથવા આધાર કાર્ડની નકલ. અથવા જન્મનો અન્ય કોઈ પુરાવો. ● આ બધું સ્કેન કરી અમને વોટ્સએપ પર મોકલી આપો, ઈમેલ કરો કે મુંબઈ સરનામે મોકલી આપો.

**હાલના મ્યુચ્યુઅલ બેનીફીટ :** (૧) ૫૫ વર્ષની વય પહેલા કુદરતી મૃત્યુના કિસ્સામાં, નોમિનીને રૂ. ૧.00 લાખ. (૨) ૫૫ વર્ષની વય પહેલા સભ્યનું આકસ્મિક મૃત્યુના કિસ્સામાં, નોમિનીને વધુ રૂ. ૧.00 લાખ.

**નિવૃત્તિ :** સભ્ય ૫૫ વર્ષની વય પૂર્ણ થયે નિવૃત્ત થાય છે. ત્યારબાદ, કોઈ દાવો સ્વીકાર્ય નથી. સભ્યપદ સમયે ચૂકવેલ કોઈપણ રકમનું રિફંડ નથી.

**અપીલ :** સાધર્મિક ભક્તિ માટે અહીં એક સારી તક છે

જો કોઈ કેડીઓ તમારા ઓળખીતા અથવા સંબંધી કેડીઓનું અવસાન થાય તો તમે ફક્ત તેમના માટે હાથ જોડીને પ્રાર્થના કરો છો અને તેમના પરિવારના સભ્યોને આશ્વાસન આપો છો. વધુ કંઈ નહીં. પરંતુ જો તમે કેડીઓ વેલફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનાના સભ્ય હો તો યોજનાના સભ્યના મૃત્યુના કિસ્સામાં, નોમિનીને ચૂકવવામાં આવતા વળતરમાં તમારો પણ હિસ્સો રહે છે. આમ તમને સાધર્મિક ભક્તિનો લાભ મળે છે.

**દીપક ગંગાજર શાહ ડાઘા, મુલુંડ (પ્રમુખ) 8976017830, કિરણ ઠાકરશી મૈશેરી, હૈદરાબાદ (સેક્રેટરી) 9885216885 ઈમેલ: welfarekdogmail.com**

આપ સામાજિક સુરક્ષા યોજનાના મેમ્બર છો કે નહીં તે જાણવા આપનું પુરું નામ, હાલ વસવાટ તથા વતનની વિગતો અમને વોટ્સએપ પર કે ઈમેલ પર મોકલો.

# સાધના આર્ટસ ક્લાસેસ ફોર ડ્રોઈંગ, પેન્ટિંગ અને મુરલ

ઓસવાલ પાર્ક, પોખરણ રોડ નં.૨, ઠાણે સ્થિત સૌ. સાધના દિલીપ દંડ કચ્છ લાલાએ ભવ્યાતિભવ્ય હાથથી રંગાવેલ. કોતરકામ કરેલ ચિત્રોનું પ્રદર્શન તા.૨૦,૨૧,૨૨ ઓક્ટોબરના આયોજન કરેલ.

છેલ્લા 30 વર્ષથી ડ્રોઈંગ પેન્ટિંગ અને મુરલ પેન્ટિંગના ક્લાસેસ ૫ વર્ષથી ઉપરના વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ માટે ક્લાસેસનું આયોજન ઓસવાલ પાર્ક સ્થિત એમના નિવાસ સ્થાનેથી ચલાવવામાં આવે છે. તેમજ ગૃહસ્થ મહિલાઓ માટે વિશેષમક્લાસેસ લેવામાં આવે છે.

મહારાષ્ટ્ર બોર્ડની એલીમેંટ્રી અને ઈંટરમેડીટે ગ્રેડ ડ્રોઈંગ નિયમિત લેવામાં આવે છે. વિશેષથી કહેવાનું કે એમના વિદ્યાર્થીઓનું રિજલ્ટ ૧૦૦% છે.

કેલીગ્રાફી, મુરલ, પોસ્ટર અને વોટર કલરના પેન્ટિંગના પ્રશિક્ષણ અને એમના જરૂરિયાત મુજબના ઓર્ડર લેવામાં આવે છે.

પ્રદર્શન જોવા રોટરી ક્લબ તેમજ ઈન્નર વ્હીલ ક્લબના સભ્યો તથા કચ્છી સમાજના સભ્યો અને થાણાના સદસ્યો પધારેલ.

વિશેષ કરીને પ્રકાશ-સમીક્ષાના તંત્રી શ્રી ઉદયભાઈ શાહ તેમજ ભાજપાના થાણાના વિધાન સભા માટેના સંયોજક શ્રી અક્ષય તિવરામકર અને મિડીયા, પત્રકાર પણ પધારેલ.








|| નમો નમઃ શ્રી ગુરુ ગુણસાગરસૂરયે ||   || વર્ષીતપના પ્રણેતાશ્રી આદિનાથાય નમઃ ||   || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી - શ્રી મહાકાલીદેવી નમઃ ||

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૨ ૯૩૦૪

દ્વારા આયોજીત



## મુંબઈ મહાનગરે સમુહ વર્ષીતપ પારણોત્સવ ૨૦૨૪ વર્ષ ૩૩મું

શુભ દિવસ : વિ.સં. ૨૦૮૦, વૈશાખ સુદ ૩, શુક્રવાર, તા. ૧૦-૦૫-૨૦૨૪

(અક્ષય તૃતીયા - અખા ત્રીજ)

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

શુભ નિશ્રા : સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા
શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજા, પ્રશમરસનિધિ, પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

## સંપૂર્ણ પારણા મહોત્સવના લાભાર્થી પરિવારો

**અ.સૌ. ખ્યાતિ કેયુર નાગડા (કોટડી મહાદેવપુરી)**
**ના વર્ષીતપની અનુમોદનાર્થે**
**માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવાર**
**(મેરાઉ-વાંદરા)**
ગીતાસ્મૃતિ
**હ. ખુશ, વિઆન**
**ખ્યાતિનમ્ ફાઉન્ડેશન**

**અ.સૌ. કાજલ મહેન્દ્ર વેરશી ગડા (ખારૂઆ)**
**ના વર્ષીતપની અનુમોદનાર્થે**
**સંઘમાતા ભાણબાઈ વેરશી શીવજી ગડા પરિવાર**
**(ખારૂઆ-પવઈ)**
**અ.સૌ. જિપુના વિશાલ મહેન્દ્ર ગડા**
**હ. માયશા-પલાશ ગડા, ધ્વની મહેતા**



## આપના ઐતિહાસિક સુકૃતની હૃદયથી અનુમોદના...

શ્રી આદિનાથ દાદાના આલંબને તપમાં આગળ વધી રહેલા
અચલગચ્છીય શ્રમણ-શ્રમણી ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ આપના તપની અનુમોદના...
સાથે આપના મહાન તપના પારણાનો લાભ સમુહ વર્ષીતપ પારણામાં આપવા નમ્ર વિનંતી.

**સમુહ વર્ષીતપ પારણાનું આયોજન માત્ર મુંબઈમાં જ છે.**

### અચલગચ્છીય વર્ષીતપના તપસ્વીઓ માટે હસ્તિનાપુર યાત્રા

અચલગચ્છીય વર્ષીતપના તપસ્વીઓની પારણા ભૂમિ- હસ્તિનાપુર આદિ તીર્થોની યાત્રા શ્રી ઋષભદેવ પરમાત્માના દીર્ઘકાલિન તપની પારણા ભૂમિ હસ્તિનાપુર આદિ તીર્થોની સાત દિવસીય યાત્રા સમુહ વર્ષીતપ પારણાના લાભાર્થી પરિવારો તરફથી માર્ચ મહિનામાં કરાવવામાં આવશે.

**યાત્રામાં જોડાવા માટે સમુહ વર્ષીતપ પારણાના ફોર્મ તા. ૧-૧૧-૨૦૨૩ પહેલા ભરવા જરૂરી છે.**

### ફોર્મ પ્રાપ્તિ તથા પરત કરવાના સેન્ટરો

- શ્રી સંઘના કાર્યાલયે, ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦/બી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર.
- શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, ઘાટકોપર (ઈસ્ટ)
- શ્રી સુમતિનાથ જિનાલય, મુલુંડ (ઈસ્ટ)
- શ્રી સુવિધિનાથ જિનાલય, ડોંબિવલી (ઈસ્ટ)
- શ્રી દહીંસર અચલગચ્છ સંઘ
- શ્રી માંડવી અચલગચ્છ સંઘ
- શ્રી મલ્લિનાથ જિનાલય, જોગેશ્વરી (ઈસ્ટ)
- શ્રી સહસફણા પાર્શ્વનાથ જિનાલય (માટુંગા સે.રે.)
- શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (નાલાસોપારા ઈસ્ટ)
- શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (વાશી-નવી મુંબઈ)
- શ્રી ભુજ અચલગચ્છ સંઘ

ઉપરોક્ત સંઘમાંથી અથવા ફોર્મની પી.ડી.એફ. કોપી મો. 98703 45885 દ્વારા વોટ્સએપ પર મેળવી પ્રિન્ટ કઢાવીને સંપૂર્ણપણે ભરી, બે ફોટા, આધાર કાર્ડની કોપી સાથે તા. ૧-૧૧-૨૦૨૩ પહેલા રૂબરૂ અથવા કુરીયરથી પહોંચાડવા વિનંતી.

**વિશેષ માહિતી માટે સંપર્ક : જતીન છેડા : 98210 64216   પ્રવિણ લોડાયા : 98205 65261**

**લિ. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ વતી**
**કન્વીનર : હરખચંદ ખીમજી ગંગર ▪ સહ કન્વીનર : વીપીન ઉમરશી ગંગર - સમુહ વર્ષીતપ પારણા સમિતિ**

BINITA S. MARU

# બિજાપુર નગર સંઘમાં શ્રી મહાકાલિ માતાજીનું પૂજન તથા ભાવના ભણાવાઈ





કર્ણાટક રાજ્યના ઐતિહાસિક નગર બિજાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલિ માતાજીનું પૂજન તથા ભક્તિ ભાવના ભણાવાઈ. જેનો લાભ ઉપસ્થિત સંઘના શ્રાવક શ્રાવિકાઓએ લીધો હતો.














# નાશિક ક.દ.ઓ.અચલગચ્છ સંઘના નૂતન સીમંધર સ્વામી જિનાલય નિર્માણના ભાગ્યશાળી લાભાર્થી પરિવાર





નાશિક ક.દ.ઓ. અચલગચ્છ સંઘના પંચવટી ક્ષેત્રે, પુણ્ય પાવન ભૂમી પર અનેક હિંદુ દેવી દેવતાઓનો જ્યાં સહવાસ,ભમ્રણ થયો છે, હજારો હિંદુ મંદિર પ્રસ્થાપિત છે એ પવિત્ર ગોદાવરી નદીના કિનારે પવિત્ર પાવન ધરતી તટ પર શ્રી સીમંધર સ્વામી વિરાજમાન થવાના છે એવા એલાનથી આવા અદભુત, અદ્વિતીય, અલૌકિક એવા શ્રી સીમંધર સ્વામીની કૃપા દષ્ટી વરસવા લાગી છે એની અનુભૂતિ અમો અનુભવીએ છે.

શાસનપ્રભાવિક.સાધ્વીવર્યાજી... પ.પૂ. સા.શ્રી. જયલક્ષ્મીશ્રીજી મ. સા.ના સુશિષ્યા... ખાન્દેશરત્ના... પ.પૂ. સા.શ્રી. જયદર્શિતાશ્રીજી મ. સા. તથા પ .પૂ. સા.શ્રી. હિમાંશુશ્રીજી મ. સા. ની તારક નિશ્રામાં...



મહાવિદેહ ક્ષેત્ર તરીકે ઓળખાતી બીજી દુનિયામાં શ્રી સીમંધર સ્વામી હાલમાં જિવત જાવત તીર્થંકર છે એવા અદભુત સીમંધર સ્વામીના સંપુર્ણ જિનાલય નિર્માણનો લાભ ગુરૂભંગવતોના પુણ્યપ્રભાવથી તથા પ્રેરણાથી લાભ લેનાર પુણ્યશાળી પરિવાર માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા હસ્તે શ્રી મનિષભાઇ અને શ્રી હિતેશભાઈ ભવાનજી લોડાયા ગામ કોઠારા, હાલ ચાલીસગામ, વિધ્યાવિહાર પરિવારે લાભ લઈ શુભ આત્મકલ્યાણનું અમોઘ આલંબન સાધી આ પ્રભુનો સૌથી મહાન ઉપકારભાવ ઘાતી કર્મોના ક્ષય અને જન્મો જન્મને કૃતાર્થ બનાવી શુભ પુણ્યનો અનુબંધ પ્રગટ કર્યો છે.

પ્રભુના અસ્તિત્વને ચિરંતન રાખવા જૈન ધર્મની અસ્મિતા આત્મિક સ્તરે દ્રવ્યઉપકારની ઉચ્ચ ભાવનાથી પુણ્યોદયની ઉત્કૃષ્ટ તકનો દુર્લભ લહાવો લઈ પુણ્ય આત્માનું ઉત્થાન કરી અનેક જન્મોના ધર્મ આરાધના કરી છે. પ્રેરણાદાય ઉત્તમ કાર્ય માટે આત્મીય ઉંડી સંવેદના વ્યક્ત કરી સમસ્ત નાશિક સંઘ અનુમોદન સહ અંતરના અભિનંદન આપે છે.

શ્રી મનિષભાઈ એ આજ થી બે વર્ષ પહેલા મા.અધ્યક્ષ શ્રી રાજેશભાઇ પોલડીયા પાસે નાશિક સંઘ ને જગ્યા લેવા માટે પ્રબલ ભાવના પ્રગટ કરી હતી અને રાજેશભાઇ પાસે ૧૦૧૦૦૦/ રૂપિયા આપી ભાવના પ્રગટ કરેલ કે નાશિક સંઘ જગ્યા ફાઈનલ કરે તો આ ટોકન રૂપે પ્રથમ ચુકતા કરજો.

આવા ઉચ્ચ વિચાર ભાવ દુરદષ્ટી રાખી સંઘને સંવેદના વ્યક્ત કરી દઢ નિશ્ચય સાથે સંઘ આગળ વધે એવી ભાવના પ્રગટ કરેલ.

સંઘના ઉદ્દેશોને સિદ્ધ કરવા એમનો મહત્વ નો ફાળો છે. સારાં કાર્યો હમેશાં સારા વિચારોની કુખેથી જન્મ લેતા હોય છે.

અનોખી અદ્વિતીય આશાનું કિરણ પ્રદાન કરતી પ્રવૃત્તિ માટે આત્મીય આભાર સહ અંતરના અભિનંદન...

તેમજ નિર્માણધિન સંકુલમાં આરાધના હોલના લાભાર્થી પરિવારે પરમપૂજ્ય ગુરૂભંગવતોના પ્રેરણાથી અને મનિષભાઈના પ્રયત્નથી લાભ લીધેલ છે તે બદ્દલ સંઘ ફરી આભાર પ્રગટ કરે છે આ બન્ને ધર્મ ઉપકારોની કૃતજ્ઞાભાવે આભાર સાથે અનુમોદના.

આપણા ધર્મ પ્રતિ ઉચ્ચ કોટીના ભાવ, પાવન પ્રવૃત્તિ અને પ્રબળ ભાવનાને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે શબ્દો શક્તિહીન છે. નાશિક સંઘનો સ્વપનદષ્ટા બની સંઘનો સ્વપન સાકાર કરવા સંઘ સાથે જોડાવા શ્રીસંઘ હર્ષોલ્લાસ અનુભવી રહ્યો છે. અંતરપૂર્વકના આભાર સાથે સાથે ભુરી ભુરી અનુમોદન. ક.દ.ઓ.જૈન મહાજન સેવા ભાવી સંસ્થા નાશિક વ્યક્ત કરે છે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

## Festival Celebration Bonanza 2023

19th September - 19th November 2023

**"ZERO PROCESSING"** Charges On Retail Loans Sanctioned & Disburse During Specified Period

| HOME LOAN | 2 WHEELER LOAN | CAR LOAN | eAUTO LOAN | GOLD LOAN |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

| MORTGAGE LOAN | TRADE LOAN | COMMERCIAL VEHICLE LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *8.49% (p.a.) | *9.49% (p.a.) | *9.49% (p.a.) | *7.75% (p.a.) |

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપની
# ૨૮મા વર્ષની નવલી નવરાત્રીની ઉજવણી








દર વર્ષની જેમ આ વર્ષે પણ ફક્ત રૂ.૧,૦૦૦/- ના નકરામાં નવરાત્રી ના નવ દિવસ દરરોજ છ-છ ભાવિક પરીવાર શ્રીને લાભ આપી શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપે અનંત સિધ્ધિના નૂતન હોલ માં શ્રી મહાકાળી માતાજીની બે કલાક સુધી સંગીત  તથા રાસ ગરબા સાથે મહાકાળી માતાજીની ભાવના ભણાવીને વિશિષ્ટ ઢબે નવરાત્રી-દશેરા ની ઉજવણી કરી.

પરીવારજનોને ફક્ત આરતીની થાળી તૈયાર કરી ને લાવવાની રહેતી. પ્રસાદી, ભક્તિ ભાવના, ફુલહાર શણગાર, સાઉન્ડ વગેરેની વ્યવસ્થા મંડળે કરેલ.

ઉપરાંત ભાવના અંતે  આરતી પહેલાં ૨૭ વખત મહાકાળી માઁ ના મંત્રોચ્ચાર જાપ વખતે દરેક ભાવિક પરીવારને એક એક એમ નિમ્નલિખિત છ ગુરુ - દેવીઓ ને વાસક્ષેપ/પુષ્પ  પાંખડી ચડાવવા નો પણ લાભ આપેલ.

૧. દાદા કલ્યાણસાગર સુરી, ૨. શ્રી ચક્રેશ્વરીમાઁ, ૩.શ્રી મહાકાળીમાઁ, ૪.શ્રી પદમાવતીમાઁ, ૫.શ્રી મહાલક્ષ્મીમાઁ, ૬.શ્રી સરસ્તીમાઁ.

દશેરાના દિવસે છ વ્યક્તિગતને બદલે છ સંઘ/ગ્રુપ/પાંખ/ મંડળોએ લાભ લીધેલ. શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ ની ભુરી ભુરી અનુમોદના




# અંજલિ ધરમશીને બેસ્ટ શેફનો એવોર્ડ પદ્મશ્રી શેફ સંજીવ કપૂરના હસ્તે એનાયત થયો






કોઠારા-મુલુંડના શેફ અંજલિ ધરમશીને તા.૨૬ ઓક્ટોબર ગુરૂવારના હોટલ ક્રાઉન પ્લાઝા કોચી ખાતે ગ્લોબલ ફૂડ અને હોસ્પિટાલાઈઝ એવોર્ડ ૨૦૨૩ સમારોહમાં પદમશ્રી શેફ સંજીવ કપૂરના હસ્તે બેસ્ટ શેફનો એવોર્ડ એનાયત કરાયો.

અંજલિ ધરમશી સિટી ગિલ્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લંડનના પેસ્ટ્રી શેફ ડિપ્લોમા હોલ્ડર છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષ સુધી હોમ મેકર હતા. વર્ષ ૨૦૨૦ માં તેણીએ પોતાનો સ્ટુડિયો મુલુંડમાં શરૂ કર્યો. જેમાં તેઓ માત્ર શાકાહારી વાનગી આઈટમોના વર્ગ લે છે. ઈંડાના ઉપયોગ વિનાની માત્ર વેજ કેક બનાવવામાં તેઓ કુશળ કૂક છે. દોહા, નાંદેડ, યવતમાલ અને અમદાવાદ ખાતે કૂકીંગ ક્લાસ લેવા આમંત્રિત કરાયા હતા.

તેઓ વિવિધ પ્રસંગો માટે લક્ઝરી ગિફ્ટ હેમ્પર્સ તૈયાર કરવામાં નિષ્ણાત છે. ગૌરમેટ કુઝીનના અનુભવી અને ઘરેલું પાર્ટીઓ, કોર્પોરેટ ઈવેન્ટસ, નાના ગેટ ટુ ગેધર માટે ટેબલ ડેકોરેટ કરવામાં તેઓ એક્ષ્પર્ટ છે.

મેળવેલ એવોર્ડ બદલ અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવીએ છીએ.

# વડોદરા સંઘમાં શ્રુતોપાસના ચાતુર્માસ સાહિત્ય સમારોહ

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ વડોદરાના આંગણે વટપદ્ર નગરે તા.૮ ઓક્ટોબર રવિવારના રોજ સૂરમંત્ર પંચ પ્રસ્થાનારાધક, ગુરૂ ગુણ સૂરિ, પટધર સંઘ શાસન કૌશલ્યાધાર, અચલગચ્છાપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં અચલગચ્છ શ્રુતોપાસના ચાતુર્માસ સાહિત્ય સમારોહનું અદ્‌ભૂત આયોજન થયું. સમારોહમાં વિવિધ વક્તા ભાઈ બહેનોએ પોતાના જ્ઞાન વર્ધક વક્તવ્યમાં પોતાના વિચાર ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓ સમક્ષ રજૂ કર્યા હતા.

આ અદ્વિતીય શ્રુતોપાસના ચાતુર્માસ સાહિત્ય સમારોહનો ૬.૨૯ કલાકનો વીડિયો ઘરબેઠા જોવા માટે યુટ્યુબ લિંક https://youtu.be/ONBZWThUzjU?si=bBAAOilNJ-b_tvnv પર ક્લિક કરી જોઈ શકશો.

# બધિર અને વાચાવિહીન કવિતા રામજી ખોના ઓનલાઈન શેફ ચેલેન્જમાં ભાગ લઈ પુરસ્કાર પ્રાપ્ત કર્યો

કવિતા રામજી ખોના સાંધવ-નવનીત નગર ડોંબિવલીની કમનસીબે વાચા વિહિન અને બધિર છે. કુદરતની અધૂરી કૃપાપાત્ર હોવા છતાં કૌશલ્ય નિપુણ છે. તેણી તમામ પ્રકારના મોર્ડન ટ્રેડિંગ ડ્રેસ, બ્લાઉઝ, ગાઉન તૈયાર કરવામાં નિપુણ છે. તેણીનો મુખ્ય વ્યવસાય સિવણ કામ છે અને ડોંબિવલી ઈસ્ટની જૈન વસાહત નવનીત નગરમાં સિલાઈ વર્કશોપ ચલાવે છે.

Deaf and Dumb હોવા છતાં તેણીએ હાલમાં ઓનલાઈન ફેસબુક MW કોમ્યુનિટી શેફ ચેલેન્જમાં ભાગ લીધો હતો. ૨૦ જેટલા સ્પર્ધકોમાંથી કવિતા ખોનાની ૧૦ જણની ફાઈનલિસ્ટમાં પસંદગી થઈ હતી. જેમાં તેણી એ શ્રેષ્ઠ પ્રસ્તુતિ દ્વારા કૌશલ્ય પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવ્યું.

આ કૌશલ્ય સિધ્ધિ મેળવવા બદલ કવિતા રામજી ખોનાને અઢળક અભિનંદન.




# કવિ જ્ઞાનેશ જયચંદ લાપસીયાને શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા એવોર્ડ આપવાની જાહેરાત

દલતુંગી-મુલુંડ ચેકનાકાના જ્ઞાતિજન કવિ શ્રી જ્ઞાનેશ જયચંદ લાપસીયાને તેમની કવિતા 'કાશ જિંદગી એક પુસ્તક હોત'ને ત્રણ દાયકા જૂના સંગઠન સેવા શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા શ્રીમતી જેઠીબેન ચીમનલાલ મૂલચંદ શેઠ ટ્રસ્ટ સ્પોન્સર્ડ એવોર્ડ જાહેર કરાયો છે. મુંબઈ જૈન પત્રકાર સંઘ છેલ્લા ૨૦ વર્ષથી ચારેય ફિરકાના પત્રકાર-સાહિત્યકારોને પ્રોત્સાહન કાજે એવોર્ડ જાહેર કરી સન્માનિત કરવામાં આવે છે.

એવોર્ડના કાયમી સ્પોન્સર જવાહરલાલ મોતીલાલ શાહ છે. આ એવોર્ડ એનાયત સમારોહ આગામી સમય દરમ્યાન યોજવામાં આવશે. આ સન્માન પ્રાપ્ત કરવા બદલ કવિશ્રીને હાર્દિક અભિનંદન.




જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવભીની શ્રદ્ધાંજલિ



હેમંતભાઈ લાપસિયા
તા.૧૬ ઓક્ટોબર (ઉ.૪૮)
દલતુંગી-બેંગલોર



દમયંતીબેન મોતા
તા.૨૦ ઓક્ટોબર (ઉ.૭૨)
રાપર ગઢવારી-સાંગલી



લીનાબેન લોડાયા
તા.૨૨ ઓક્ટોબર (ઉ.૫૧)
નલિયા-મુલુંડ




ઈન્દુમતીબેન ગોસર
તા.૨૨ ઓક્ટોબર (ઉ.૬૧)
વારાપધર-નવસારી





જયશ્રીબેન ખોના
તા.૨૫ ઓક્ટોબર (ઉ.૬૬)
સાંયરા-મુંબઈ



જીમભાઈ ખોના
તા.૨૫ ઓક્ટોબર (ઉ.૮૫)
રંગપુર-કેનડા



વિરેનભાઈ નાગડા
તા.૨૯ ઓક્ટોબર (ઉ.૪૮)
રાપર ગઢવારી-મુંબઈ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Address: B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj — The taste of tradition

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● એક સમયે ભારતીય ઉપખંડમાં સંસ્કૃત ભાષાનું વ્યવહારમાં ખૂબ ચલણ હતું. અનેક ભાષાઓની જનની ગણાતી આ દેવ ભાષા ખાસ તો અંગ્રેજોના સમયમાં લવાયેલી શિક્ષણ પધ્ધતિને કારણે ધીમે ધીમે વ્યવહારમાંથી અદ્રશ્ય થવા માંડી. સંસ્કૃત ભાષાના વલણ ને પાછું લાવવા સંસ્કૃત ભારતી નામની સંસ્થા એ બીડું ઝડપ્યું છે. કચ્છમાં ત્રણ દાયકાના અથાક પ્રયત્નોને પરિણામે અત્યારે જિલ્લામાં ૭૯ લોકો સંસ્કૃત બોલચાલ વ્યવહારમાં બોલી રહ્યાં છે. આઠ પરિવાર પોતાના ઘરમાં સંસ્કૃતનો ઉપયોગ કરે છે. જે પૈકી જ ત્રણ પરિવારનો દૈનિક વ્યવહારમાં આ ભાષા પ્રયોજે છે.

● કચ્છ જિલ્લામાં એક હજાર પુરૂષ સામે ૯૩૭ મહિલા જન્મ દર હોવાની વિગતો પીસી પીએનડીટી એડવાઈઝર કમિટીની મળેલી બેઠકમાં અપાઈ હતી. ચેરપર્સન રેખાબેન દવેના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. દર મહિને તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા સોનોગ્રાફી સેન્ટરોની મુલાકાત લેવા સહિતની ચર્ચા હાથ ધરાઈ હતી. આરોગ્ય કર્મચારીઓ દ્વારા બેટી વધાવો અંતર્ગત જનજાગૃતિ ફેલાવી પ્રચાર પ્રસાર કરવા સૂચન કરાયું હતું.

● દિલ્હીના ભારત મંડપમાં જી-૨૦ શિખર સંમેલનમાં ક્રાફ્ટ બજારમાં કચ્છી હસ્ત કળાનું નિર્દેશન વિદેશી વડાઓ અને પ્રતિનિધિઓ સમક્ષ કરવા મડવર્ક, બાંધણી અને અજરખ કળાના નિષ્ણાત ત્રણ કારીગારો છે. આમંત્રણ અપાયું હતું. જ્યાં તેઓએ જે તે કચ્છી હસ્તકળાના નમુના પ્રદર્શન સાથે વેંચાણાર્થે મૂક્યા હતા.

● ધોરાડ અભયારણ્યમાં ઘટતાં જતાં ધોરાડને મુદ્દે ચિંતા પ્રર્વતી રહી છે ત્યારે બીજી તરફ અબડાસા તાલુકાના દસ ગામોના અઢીઓ થી વધુ ખેડૂતો માટે ધોરાડ અભયારણ્ય ગ્રહણ રૂપ બની રહ્યાનું સામે આવી રહ્યું છે. છેલ્લા બે વર્ષથી ખેડૂતોની વીજ કનેકશન મેળવવા માટેની અરજીને મંજૂરી ન અપાતા ખેડૂતો ના છૂટકે મોંઘાદાટ ડિઝલ એન્જિનનો પિયત કરવા માટે ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. જો વેળાસર આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો અહીંની ખેતીવાડીને મોટું નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરાઈ રહી છે.

● જૂન માસ દરમ્યાન આવેલા બિપરજોય નામે મહાભયાનક વાવાઝોડાના પ્રકોપે સૌથી મોટું નુકસાન કચ્છના વીજતંત્ર એટલે કે પશ્ચિમ ગુજરાત વીજકંપનીને થયું હોવાથી સબક રૂપે આવનારા દિવસોમાં નુકસાનીને ટાળવા કચ્છના ખાસ કરીને દરિયાઈ વિસ્તાર નજીકના અંદાજે ૪૦૦ થી વધુ ગામોને વીજ પુરવઠો પાડતી તમામ વ્યવસ્થા જમીનમાં પાથરવાનું આયોજન ગોઠવાઈ રહ્યું છે. દરિયા કિનારાથી ૨૦ કિમી દૂરના તમામ ગામોને આવરી લઈ ૪૦૧ કિ.મી. વીજ રેષા અંડર ગ્રાઉન્ડ પાથરવા યોજના છે. બિપોરજોય વાવાઝોડાના કારણે ભુજ સર્કલ હેઠળના ૪૨૪ ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ હજાર પોલ ધરાશાયી થયાં હતાં.

● નીચે ઉતરતા નીર અને વધતાં જતા ક્ષાર યુક્ત પાણીના શિરદર્દને અતીતમાં દફનાવવા ગુંદિયાળી દરિયા કિનારે પાણી પુરવઠા વિભાગ દ્વારા આઠ સો કરોડના ખર્ચે ૧૦ કરોડ લિટર દરિયાના ખારા પાણીને પેય જળમાં પરિવર્તિત કરવાનો પ્લાન્ટ ૬૦ એકરના ઘેરાવામાં શાપુરજી પાલનજી એન્ડ પ્રા.લિ.કંપનીને ગુજરાતનો સૌથી મોટો જળ શુધ્ધિકરણ પ્રકલ્પનો ઠેકો અપાયો છે. આના સિવાય ગુજરાતમાં ભાવનગર દ્વારકા અને સૂત્રપાડામાં આવા પ્રકારના પ્રકલ્પ પ્રગતિમાં છે.

● માત્ર મુસ્લિમ જ નહીં પણ તમામ સમાજો માટે ભુજમાં રેલવે સ્ટેશન સામે ચાર હજાર ચોરસ મીટર જમીનના વિશાળ વિસ્તારમાં સીતેર હજાર ચોરસ ફૂટમાં નિર્માણ પામનારી કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલના પાયા વિધિ અગ્રણીઓની ઉપસ્થિતમાં સંપન્ન થઈ. ૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામનારી મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા સમગ્ર કચ્છ જિલ્લાનો પ્રવાસ ખેડી નવનિર્મિત હોસ્પિટલ માટે ફંડ એકત્રિત કરાઈ રહ્યું છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA